# ચિત્તસ્થિરતા અને ચિત્તશુધ્ધિ

જીવન એટલે શું ? જીવનનો હેતુ શું ?

ધર્મ એટલે શું ? ધર્મ શા માટે ?

આ અને આવા જ બીજા અનેક પ્રશ્નો મનુષ્યને સેંકડો વર્ષોથી મુંઝવતા આવ્યા છે. આપણા ઋષિ-મુનિઓને આ પ્રશ્નોની જવાબ મેળવવા વર્ષોના વર્ષો સુધી સાધના કરેલ છે. પરંતુ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે ઘણાબધા માર્ગો હોય તેમ આ પ્રશ્નોના પણ અનેક જવાબો છે, પરંતુ અંતિમચરણ દરેકનું એક જ છે.

મોટાભાગના દરેક ધર્મમાં શરૂઆત ક્રિયાથી થાય છે- જપ કરો, તપ કરો, પૂજા કરો, સ્વાધ્યાય કરો, સત્સંગ કરો વગેરે વગેરે. ક્રિયા એ સન્માર્ગે જવાનું પહેલું પરણ છે, જે ચિત્તની પ્રાથમિક તબક્કાની સ્થિરતા અને શુધ્ધતા લાવવાનું કામ કરે છે. ત્યાર બાદ સાધકે પોતાનો રસ્તો જાતે ગોતતા થઈ આગળ વધવાનું હોય છે.

પરંતુ મોટાભાગના સાધક આ ક્રિયાઓને જ અંતિમચરણ માની ત્યાં જ ટકી જાય છે, આગળ વધતાં નથી.

જીવન એટલે જન્મથી મરણ સુધીનો સમયગાળો. આ સમયગાળો એક યાત્રા છે અને આપણે સર્વે યાત્રાળુઓ છીએ. અને જીવનનો હેતુ છે આ યાત્રા દરમ્યાન અવિરત સુખ, શાંતિ અને પ્રસન્નતા મેળવવાનો.

બ્રહ્માંડમાં મનુષ્ય સિવાયના દરેક જીવો પોતાની જરૂરિયાત પ્રમાણે મેળવવાનું ઈચ્છે છે. એક મનુષ્ય જ એવો જીવ છે જે પોતાની લોભી વૃત્તિને કારણે ભેગું કરવામાં માને છે અને એને કારણે એ ચાર કષાય- ક્રોધ, અભિમાન, માયા, લોભથી પીડાય છે.

ધર્મની ક્રિયાઓ પ્રાથમિક તબક્કામાં ચિત્તશુધ્ધિ, મનશુધ્ધિ, આત્મશુધ્ધિમાં મદદરૂપ થાય છે. દાન, તપ, શીલ, ભાવ એ ચાર ધર્મો થકી આગળ વધવાનું છે. દાનથી પૈસા અને પદાર્થનો મોહ ઓછો કરવાનો છે. બાહ્ય અને આંતરિક તપથી જીવનમાં જાગૃતિ તથા સજાગતા કેળવવાની છે. શીલ-સદાચારમય જીવન જીવી, આપણે ઉત્કૃષ્ટભાવ આપણા જીવનમાં લાવવાના છે. ધર્મનું અંતિમચરણ છે સાક્ષીભાવમાં રહી, રાગ, દ્વેષરહિત થવાનું છે. જુવો, જાણો પણ ભળો નહીં.

કમનસીબે, મોટાભાગના આપણે આ ક્રિયાના સ્થરે જ રહી જીવનને સુગંધી બનાવવાને બદલે જડ બનાવી દઈએ છીએ. જીવનમાં શુધ્ધિ આવતી જ નથી. શુધ્ધિ વગર શાંતિ અને પ્રસન્નતા અશક્ય છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ જીવન શુધ્ધિની સાધનાનું પર્વ છે, ચિંતન-મનન-મંથનનું પર્વ છે. આઠ દિવસની સાધન સાધના જીવનમાં મૂળભૂત બદલાવ લાવી શકે છે. પરંતુ વર્ષોના વર્ષો સુધી પર્યુષણ પર્વ ઉજવતા આપણે એ ફક્ત ક્રિયાના રૂપે જ કરતા હોવાને કારણે ત્યાંના ત્યાં જ રહી ગયા છીએ. ઉપવાસના દિવસે પારણાનો વિચાર, ૮ દિવસના પર્યુષણ પછી ઈંડલી-ઢોસા ખાવાનો વિચાર, સંવત્સરી પ્રતિક્રમણ સમજ્યા વગર ગગડાવી જવાનો આચાર, પર્યુષણમાં દેરાસર-સ્થાનકમાં સંઘ માટે પૈસા જમા કરાવાવનો નિશ્ચય વગેરે વગેરે આપણને પર્યુષણ પર્વના સાચા લાભથી વંચિત રાખે છે.

ધર્મની ક્રિયા એ બાળકને ચાલતા શીખવવા બરાબર છે. ત્યાર બાદ આપણે જાતે દોડવાનું છે, સતત દોડવાનું છે, અટકવાનું નથી. ધર્મ જો સાચી રીતે સમજીને કરવામાં આવે તો આપણું જીવન મુસ્કાન અને મુસ્કુરાહટની સુગંધથી ભરાય જાય.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ રમવા-જમવાનો પર્વ નથી, જીવનની સાફ-સૂફીનો પર્વ છે, આત્મશુધ્ધિ અને વૃધ્ધિ કરવાનો પર્વ છે, વેરભાવનું વિસર્જન અને મૈત્રીભાવનું સર્જન કરવાનું પર્વ છે, ચિત્તશુધ્ધિ-હૃદયશુધ્ધિનું પર્વ છે.

ચાલો, સાથે મળીને આ વખતના પર્વાધિરાજ પર્યુષણ પર્વને કંઈક જુદા જ વિચારથી, આચારથી અને વર્તનથી ઉજવીએ.